NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી૩૯૬૪૫૦-

ડૉ .આર .એમ .નાયક ૯૯૭૯૮૮૮૯૬૨
નિયામક Web : www.nau.in Email :dswnavsari@nau.in

## ઇ-પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી ખાતે એન.એસ.એસ.ની પ્રવૃત્તિ હેઠળ મહિલાઓમાં જોવા મળતા વિવિધ કેન્સરો, તેની સરળ ઓળખ અને સાર સંભાળ રાખવા માટેના સરળ ઉપાયો અને એ થકી મહિલાઓમાં કેન્સર જેવી અતિ ગંભીર બીમારી સામે જાગૃકતા કેળવાય તે માટે વિશ્વ મહિલા દિન (૮મી માર્ચ) ના અનુસંધાને નવસારી સ્થિત નિરાલી કેન્સર હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે એક કાર્યક્રમનું આયોજન તા.૨૦/03/૨૦૨૧ ના રોજ સેન્ટ્રલ એકઝામીનેશન હોલ ખાતે બપોરે ૩:00 કલાકે કરવામાં આવેલ છે. સદરહુ કાર્યક્રમમાં સ્ત્રી સશક્તિકરણ તેમજ મહિલાઓનું સમાજમાં યોગદાન બાબતે વિવિધ નિષ્ણાંતો પોતાના મંતવ્યો રજૂ કરશે. જ્યારે નિરાલી કેન્સર હોસ્પીટલ, નવસારીના તજજ્ઞશ્રીઓ મહિલાઓને કેન્સર અંગે જાગૃકતા માટેની માહિતી આપશે. તો સદરહુ કાર્યક્રમમાં અત્રેના કૃષિ પરિવારના મહિલા સ્ટાફ મિત્રો, પોસ્ટ ગ્રેજ્યુએટની વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફના મહિલા પરિવારજનોને ભાગ લેવા આમંત્રણ છે. વધુમાં, સદરહુ કાર્યક્રમ અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર યુ-ટ્યુબ પર લાઈવ રજૂ કરવામાં આવનાર છે. જેથી યુનિવર્સિટીના પેટા કેન્દ્રોએ આવેલ મહિલા કર્મચારીઓની પેટા કેન્દ્રો ખાતે ઉપલબ્ધ સવલતો મુજબ યુ-ટ્યુબ પર ભેગા થઇ જોવા માટેનું આમત્રણ પાઠવવામા આવે છે.

જા.નં.નકૃયુ/નિવિક/ટે.૨/૧૨૭૬-૯૬/૨૦૨૧
તા.૧૬/03/૨૦૨૧

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

નકલ સવિનય રવાના પ્રતિ:

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૩. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૪. તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ